ભારતીય રિઝર્વ બેંક/2006-07/123

ડીબીઓડી.નં.એલઈજી.બીસી.28/09.07.005/2006-07

1 સપ્ટેમ્બર, 2006

પ્રતિ,
તમામ અનુસૂચિત વાણિજ્યિક બેંકો
(પ્રાદેશિક ગ્રામીણ બેંકો સિવાય)

મહાશય,

**<u>પાસબુક / હિસાબ-પત્રકમાં શાખાનું સરનામું / ટેલિફોન નંબર</u>**

ગ્રાહકોને શાખાઓમાં મળતી સેવાઓની ગુણવત્તા સુધારવા સારુ, પાસબુક / હિસાબ-પત્રકમાં શાખાનું સરનામું અને ટેલિફોન નંબર દર્શાવવામાં આવે તો તે ઉપયોગી બનશે.

2. તેથી બેંકોને, ખાતેદારોને આપવામાં આવતી પાસબુક / હિસાબ-પત્રકમાં શાખાનું પૂરેપૂરું સરનામું / ટેલિફોન નંબર અનિવાર્યપણે દર્શાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા સલાહ આપવામાં આવે છે.

3. પત્ર મળ્યાની પહોંચ મોકલવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(પ્રશાંત શરણ)
પ્રભારી મુખ્ય મહાપ્રબંધક